કેસ દાખલ તારીખઃ૧૮/૦૪/૨૦૨૨
રજી.થયા તારીખઃ૧૮/૦૪/૨૦૨૨
ફેસલ કર્યા તારીખઃ૧૯/૦૫/૨૦૨૫
સમય ગાળોઃવર્ષ.... માસ..... દિવસ...

| |
|---|
| અમદાવાદ શહેરનાં મહે.૩૦માં, એડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૦૯ મુ.અમદાવાદ શહેર |

ક્રિ.કે.નંબરઃ૩૮૩૪૬/૨૦૨૨

આંકઃ_____

ફરીયાદીઃ– શ્રી સરકાર

## વિરૂધ્ધ

આરોપીઃ– ધવલ સ/ઓફ અશોકભાઈ મણીલાલ પ્રજાપતી
રહેવાસીઃ– મ.નં.૫૦૩, વિશાલ હોસ્ટેલ (પી.જી.), ઉર્જાનગર કુડાસન ગાંધીનગર
મુળ રહેઃ– મ.નં.૬ સરસ્વતી પાર્ક સોસાયટી, પાટણ રોડ ડિસા,બનાસકાંઠા

---

ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી આર.કે.પટેલ
આરોપી તરફે વિ.વ.શ્રી જે.એચ.શર્મા

---

ગુનોઃઈ.પી.કો.કલમઃ૩૮૦ મુજબ.

---

## – ચુ કા દો –

---

૧. ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તારીખઃ૨૧–૧૨–૨૦૨૧ ના સવારના કલાકઃ૧૧–૦૦ વાગ્યાથી તારીખઃ૧૫–

૦૧–૨૦૨૨ ના કલાક:૧૪–૪૫ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે (આરોપીના જણાવ્યા મુજબ તારીખ:૩૧–૦૧–૨૦૨૨) ના રોજ રાણીપ બસ સ્ટેન્ડમાં આવેલ રિલાયન્સ ડીજીટલ સ્ટોરમાં લેપટોપ/મોબાઈલ ખરીદવાના બહાને જઈ સ્ટોરમાંથી સેમસંગ ગેલેક્ષી નોટ–૧૦ લાલ કલરનો મોબાઈલ ફોન કિ.રૂા.૫૧,૪૦૦/–ની મત્તાનો ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોવા બાબતના ગુના તપાસ, તપાસનીસ અધિકારીશ્રીએ કરતા તપાસના કામે જરૂરી પંચનામા કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લિધેલા તપાસના કામે મુદ્દામાલ મળી આવેલ આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામના આરોપી જામીન મુક્ત હોય તેઓને નામદાર કોર્ટ દ્ધારા પ્રોસેસ ઈસ્યુ કરવામા આવતા આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ:૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી થયા બાદ આંક:૦૩ થી આરોપીની સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જ્યારે આંક:૦૪ થી આરોપીની ગુના સબબે પ્લી નોંધવામાં આવતા આરોપીએ તેમની સામેના તહોમતનામામાં જણાવ્યા મુજબનો ગુનો કબુલ નહિ હોવાનુ જણાવેલ છે.

૩. ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| મૌખિક પુરાવાઓ. | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરીયાદી હેતલબેન અમીતભાઈ બાયલની જુબાની | ૦૫ |

| | | |
|---|---|---|
| ૨ | સાહેદ અશ્વિનભાઈ શંકરભાઈ પટેલની જુબાની | ૧૧ |
| ૩ | સાહેદ ચાંત્રીકભાઈ કમલેશભાઈ પ્રજાપતીની જુબાની | ૧૨ |

| દસ્તાવેજી પુરાવાઓ. | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | ફરીયાદ | ૦૬ |

૪. ફરીયાદપક્ષ દ્વારા પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે. આમ, જ્યારે આ કામે મુખ્ય સાહેદ તપાસાઈ ગયેલ છે અને પુરાવા અધિનિયની કલમ–૧૩૪ મુજબ કોઈ હકીકતની સાબિતી માટે સાક્ષીઓની અમુક જ સંખ્યા કોઈ કેસમાં આવશ્યક ગણાશે નહી. ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા આ કામનાં આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે વિશેષમાં નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય નોંધવામાં આવેલ નથી. બંને પક્ષકારોનાં વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

૫. ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

– મુદ્દા –

૧. શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તારીખ:૨૧–૧૨–૨૦૨૧ ના સવારના કલાક:૧૧–૦૦ વાગ્યાથી તારીખ:૧૫–૦૧–૨૦૨૨ ના કલાક:૧૪–૪૫ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે (આરોપીના જણાવ્યા મુજબ તારીખ:૩૧–૦૧–૨૦૨૨) ના રોજ રાણીપ

બસ સ્ટેન્ડમાં આવેલ રિલાયન્સ ડીજીટલ સ્ટોરમાં લેપટોપ/મોબાઈલ ખરીદવાના બહાને જઈ સ્ટોરમાંથી સેમસંગ ગેલેક્ષી નોટ–૧૦ લાલ કલરનો મોબાઈલ ફોન કિ.રૂા. ૫૧,૪૦૦/–ની મત્તાનો ચોરી કરી લઈ જઈ ઈ.પી.કો.કલમઃ૩૮૦ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૬. ઊપરોકત મુદ્દા નાં કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

– ન્યાય નિર્ણય માટેનાં કારણો –

મુદ્દા નંબરઃ–૧.

ફરીયાદપક્ષ તરફથી આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ૩૮૦ મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદપક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

૭. ફરીયાદપક્ષ તરફથી તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૦૫ થી ફરીયાદી હેતલબેન અમીતભાઈ બાયલને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, રીલાયન્સ ડીજીટલ રાણીપ ખાતે જે ડી માર્ટની બાજુમાં આવેલ તેમાં નોકરી કરૂ છુ. અમારા ફલોરમાંથી મોબાઈલ સેમસંગ નોટ–૧૦ મોબાઈલ ખોવાઈ ગયેલો.આ

મોબાઈલ સેમસંગ કંપનીનો લાલ કલરનો હતો. આ મોબાઈલ ડિસપ્લેમાં મુકેલો હતો જે મોબાઈલ બોક્સમાંથીચોરીને લઈ ગયેલા જેની કિ.રૂ.૬૦,૦૦૦/–ની હતી. આ મોબાઈલ તારીખઃ૧૪મી નાં રોજ વર્ષ ૨૦૨૧ માં ચોરાયેલો. અમોએ પીઆઈ ઓડિટ કરતા રોજીંદા નિયમ પ્રમાણે મોબાઈલની ગણતરી કરતા આ મોબાઈલનુ બોક્સ મળી આવેલ નહી જેથી અમોને ખબર પડેલી કે, આ મોબાઈલ ચોરી થયેલ છે જેથી બનાવ બાબતેની ફરિયાદ આપેલી જે ફરિયાદ બતાવવામાં આવતા તેમાં ફરિયાદી પોતાની સહી ઓળખી બતાવતા ફરિયાદ આંકઃ૦૬ થી દાખલ થયેલ છે.

ફરીયાદીની બચાવપક્ષે આરોપીનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં ફરીયાદીએ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ કામના ફરિયાદી હુ છુ અને બનાવની ફરિયાદ કરવા બાબતે મને મોલના માલિકે મૌખિક સુચનાથી ફરિયાદ કરવા બાબતે પાવર આપેલો. એ વાત ખરી છે કે, બનાવ બન્યો તે મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, આ કેસ આગળ ચલાવવા માંગતા નથી. એ વાત ખરી છે કે,આ બાબતે મે મોલના માલિક સાથે વાતચીત કરી લિધેલ છે. એ વાત ખરી છે કે, આ મોબાઈલ મને કોર્ટના હુકમથી પરત મળી ગયેલ છે.

૮. ફરીયાદપક્ષ તરફથી તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૧૧ થી સાહેદ અશ્વિનભાઈ શંકરભાઈ પટેલને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, હુ રીલાયન્સ ડીજીટલ સ્ટોર રાણીપ ખાતે નોકરી કરુ છુ. હુ સ્ટોરમાં ડિપાર્ટમેન્ટ મેનેજર તરીકે ફરજ બજાવુ છુ. તા.૧૫–૦૧–૨૦૨૨ ના રોજ હુ મારા નિત્યક્રમ મુજબ નોકરી પર આવેલ હતો તે વખતે બપોરે પોણા ત્રણ વાગે અમારી સાથે રીટેલ સેલ્સ એકઝીકિટીવ તરીકે રીલાયન્સ ડીજીટલ શો રૂમમાં નોકરી કરતા

ઉત્સવ પટેલનાઓએ શો રૂમમાં મોબાઈલ ફોન ખરીદી કરવા આવેલ ગ્રાહકને અમારા ટેબલ નંબરઃ૦૨ માં મુકેલ સેમસંગ ગેલેકસી નોટ બતાવવા જતા તે જણાઈ આવેલ નહિ જેથી તેઓએઅ તરત મને આ બાબતે જાણ કરતા મે જોયેલ તો અમારી સ્પાઈડર સિક્યોરીટીમાં મુકેલ ઉપરોક્ત બોક્સમાં મોબાઈલ ફોન જણાઈ આવેલ નહી જેથી મે આ બાબતે અમારા મેનેજર હેતલબેનને જાણ કરેલી. જેથી હેતલબેને મોબાઈલ ચોર ઈસમ સામે પોલીસમા ફરિયાદ આપેલી જે ફરિયાદ અનુસંધાને પોલીસે મારો જવાબ લિધેલો. અમારા સ્ટોરમાંથી ચોરાયેલ મોબાઈલ સેમસંગ ગેલેકસી નોટ–૧૦ લાલ કલરનો હતો જે મોબાઈલના બે ઈ.એમ.આઈ.નંબર હતા જેમાં એક ૩૫૯૦૧૯૧૦૦૦૮૦૩૭૦ તથા બીજો ૩૫૯૦૨૦૧૦૦૮૦૩૭૮ નો હતો જે આશરે રૂ.૫૧,૪૦૦/–ની કિંમતનો હતો.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ નથી.

૯. ફરીયાદપક્ષ તરફથી તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૧૨ થી સાહેદ યાત્રીકભાઈ કમલેશભાઈ પ્રજાપતીને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, હુ એકાઉન્ટ તરીકે ગુરૂકુળ ખાતે આવેલ જે.સી.શાહ કંપનીમાં એકાઉન્ટ તરીકે નોકરી કરૂ છુ. ધવલભાઈ પ્રજાપતી આ કામના આરોપી મારા માસીનો દિકરો થાય છે તેથી ઓળખુ છુ. ધવલ ઉપર કોઈ કેસ થયેલ કે કેમ તેની મને ખબર નથી. મને સાક્ષી તરીકે સમન્સ આવેલ હોય કોર્ટમાં આવેલ છુ. મને કોઈ કેસ બાબતે પોલીસે પુછપરછ કરેલી હોય કે કેમ તેની ખબર નથી. હુ આરોપીને ઓળખુ છુ જે મારા માસીનો દિકરો થાય છે તેથી ઓળખ બાબતે તકરાર નથી. હુ

આ સિવાય બીજુ કઈ જાણતો નથી. સદર સાહેદ તેમના પોલીસ નિવેદનમાં લખાવેલ હકિકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય જેથી ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઉલટતપાસકરેલ છે તે દરમ્યાન પણ સાહેદ પોતાના પોલીસનિવેદનમાં લખાવેલ મહત્વની હકિકતોનો સ્વિકાર કરતા નથી.

સદર સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, બનાવ વિશે મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, ધવલે મને કોઈ મોબાઈલ ફોન આપેલ નથી.

૧૦. ફરિયાદપક્ષે પડેલ પુરાવો જોવામાં આવે તે આ કામના ફરીયાદપક્ષ દ્વારા ફરિયાદી હેતલબેન અમીતભાઈ બાયલ તથા સાહેદ અશ્વિનભાઈ શંકરભાઈ પટેલને તપાસવામાં આવેલા છે કે જેઓ રીલાયન્સ ડિજીટલ સ્ટોર રાણીપ ખાતે નોકરી કરે છે અને તેઓના રીલાયન્સ સ્ટોરમાંના શો રૂમમાં મુકેલ સેમસંગ ગેલેકસી નોટ-૧૦ લાલ કલરનો મોબાઈલ ફોન ચોરાઈ ગયેલ હોવા બાબતેની હકિકત બાબતે પુરાવો આપેલ છે પરંતુ તે ફોનની ચોરી કોણે કરેલી તે બાબતેની કોઈ હકિકત સ્પષ્ટ થતી નથી. વધુમાં બંને સાહેદોની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસની હકિકત ધ્યાને લેતા પણ બંને સાહેદોને બનાવ અંગે કોઈ જાત માહિતી ન હોવાની હકિકત પુરવાર થાય છે તેમજ બંને સાહેદોએ બનાવનજરે જોયેલ ન હોવાની હકિકત પણ પુરવાર થાય છે. વધુમાં ફરિયાદપક્ષદ્વારા અન્ય સાહેદ યાત્રીકભાઈ કમલેશભાઈ પ્રજાપતીને આંક:૧૨ થી તપાસવામાં આવેલા છે તેઓના પુરાવાની ચર્ચા કરીએ તો તેઓ ગુરૂકુળ ખાતે એકાઉન્ટ તરીકે નોકરી કરે છે. આ કામના આરોપી ધવલ તેઓની માસીનો દિકરો થતો હોય જેથી ઓળખતા

હોવાની હકિકત પુરવાર થાય છે તે સિવાય બીજો કોઈ જ જાતનો પુરાવો સાહેદે આપેલ નથી તેમજ સાહેદ પોતાના પોલીસ રૂબરૂમાં લખાવેલ નિવેદનને અનુરૂપ પુરાવો આપેલ ન હોય જેથી ફરિ ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા અને તેઓની વિ.એ.પી.પી.શ્રીનાઓએ વિગતવારની ઉલટતપાસ કરેલ હોવાછતાં ફરિયાદપક્ષના કેસની હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. ઉલટાનુ બચાવપક્ષની ઉલટતપાસમાં એ વાતનો સ્વિકાર કરેલ છે કે, બનાવ વિશે કોઈ જાત માહિતી નથી તેમજ આરોપી ધવલે તેઓને કોઈ મોબાઈલ ફોન આપેલ નહી. આમ, ફરિયાદપક્ષે રજુ થયેલા સાહેદોના પુરાવાથી આ કામના આરોપીએ ફરીયાદીએ પોતાની ફરિયાદમાં જણાવેલ મોબાઈલ ફોનની ચોરી કરેલ હોવાની હકિકત પુરવાર થતી નથી તેમજ પોલીસે હાલના આરોપીની પાસેથી કે અન્ય કોઈની પાસેથી મોબાઈલ ફોન કબજે કરેલ હોય તેવી પણ હકિકત સાહેદોના પુરાવાથી પુરવાર થતી નથી. આમ, મુદ્દામાલ મોબાઈલ ફોનની ચોરી હાલના આરોપીએ જ કરેલ હોવાની હકિકત સ્પષ્ટપણે પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં આ કામના આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપીત ગુનામાં આરોપીને કસુરવાર ઠરાવી શકાય તેમ નથી. પરિણામ સ્વરૂપ ઊપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબરઃ૦૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે જ્યારે મુદ્દા નંબરઃ૦૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## – હુ ક મ –

૧. આ કામનાં આરોપી ધવલ સ/ઓફ અશોકભાઈ મણીલાલ પ્રજાપતીનાઓને

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમઃ૩૮૦ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવામા આવે છે.

૨. આરોપીએ કરી આપેલ જાત મુચરકા અને જામીનદારે કરી આપેલ જામીનખત રદ્દ કરવામા આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમઃ૪૩૭(એ) અન્વયે જાત–મુચરકા અને જામીનખત ચાલુ રાખવામા આવે છે.

૩. મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ મોબાઈલ ફોન બાબતે અગાઉ જો વચગાળાની કસ્ટડીનો હુકમ થયેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામા આવે છે અન્યથાતેની માલિકી બાબતે જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ થયેથી તેના સાચા હક્કદાર ઈસમને પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

સદરહુ હુકમ આજ તારીખઃ૧૯મી, માહે મે સને ૨૦૨૫નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ શહેર
તા.૧૯/૦૫/૨૦૨૫

(દેવાંગ ચંદ્રવદન રાવલ )
૩૦માં,એડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૯,અમદાવાદ શહેર
જજ કોડ નંબર જીજે.૦૧૨૦૯

આર.કે.સોનારા.